# સૌંદર્યની દેવી, સ્યુ

– ગુલાબરાય જોબનપુત્રા

સ્યુ ઈંગ્લેંન્ડના એક પરગણામાં જન્મી હતી. તે દુબળી–પાતળી હતી. તેનું નાક લાંબું હતું, બે દાંત બહાર નીકળી ગયેલા હતા, હડપચી લાંબી હતી અને માથું મોટું હતું; જાણે કુરૂપતાનો અવતાર ! પોતાની કુરૂપતાનો તેને ડગલે ને પગલે દુઃખદ અહેસાસ થતો. પોતાની કુરૂપતા ઢાંકવા સતત પ્રયાસો કરતી, તે ખુલ્લાં કપડાં પહેરતી, માથે હંમેશાં સ્કાર્ફ બાંધતી અને માત્ર સ્મિત ફરકાવતી પણ તેથી કુરૂપતા થોડી ઢંકાઈ જાય ?

છોકરાં સ્યુ સાથે રમતાં નહિ, તેની સાથે બોલતાં નહિ, એમના પગ તેની સાથે થિરકતા નહિ સ્યુને કુરૂપતાનો બોજ અસહ્ય થઈ પડતો, તે રડી પડતી. પડોશમાં આન્ટ જેન રહેતી હતી. તે જાડી અને ઠીંગણી બાઈ હતી; અંકલ જોન તેને મજાકમાં ‘ડ્રમ’ કહેતાં, પણ તે દયાળુ હતી. તે સ્યુને જોઈ રહેતી, તેને તેના પ્રત્યે સહાનુભૂતિ થતી.

એક વખત તેણે સ્યુને કહ્યું, ‘‘સ્યુ, આપણા ગામના ઓતરાદે એક સરોવર છે, તેનું જળ ચમત્કારિક છે. તું એમાં ડૂબકી મારે તો તારું અંગેઅંગ સુડોળ બની જાય ! મને તો **શ્રધ્ધા** છે. તું મારી વાત નહિ માને ?’’

અને એક દિવસ સ્યુ પેલા સરોવરને કાંઠે જઈ પહોંચી. ઘડીભર ઊભી રહી. આંખો બંધ કરી, પરમપિતા ઈશુને પ્રાર્થના કરી અને પછી સરોવરમાં છલાંગ મારી. પહેલી ડૂબકી મારી અને બહાર



આવી કે મનનો ભાર હળવો થઈ ગયો. બીજી ડૂબકી મારી અને બહાર આવી કે તેનો તમામ ખેદ શમી ગયો, ત્રીજી ડૂબકી મારી અને બહાર આવી કે તેનામાં ખુમારી પ્રગટી, ''હું સુરૂપ છુ''. ''હું મારી સુરૂપતા સાબિત કરી દઈશ.''

સ્યુ મોટી થઈ. તેને પેલો સંકલ્પ યાદ આવ્યો. તેણે કૂબડાં બાળકો માટેનું 'હોમ' ખોલ્યું, તે જીવનભર એમની સેવામાં લાગી ગઈ, તેણે રાતદિવસ જોયા નહિ અને સેંકડો કૂબડાં બાળકોમાં જીવનનો સંચાર કર્યો, ઉજળા જીવનની આશા બંધાવી અને તેઓને ખુમારીથી જીવતાં કરી દીધાં ! ધીરે ધીરે તેની સુવાસ પ્રસરી, લોકો તેને આદર અને માનથી જોવા લાગ્યા. તેનો સંકલ્પ સિદ્ધ થયો, તે સુરૂપ બની ગઈ ! કૂબડાંઓની સેવા કરતાં કરતાં જ્યારે તેણે અંતિમ શ્વાસ લીધા ત્યારે સેંકડો લોકહૃદયોએ પ્રાર્થના કરી, ''હે પરમપિતા, એમના આત્માને શાંતિ આપજે !''

અને લોકોએ તેની સ્મૃતિમાં સ્મારક ઊભું કર્યું. એ સ્મારકમાં તેઓએ એક પ્રતિમા મૂકી – તે દૂબળી – પાતળી હતી, તેનું નાક લાંબું હતું, બે દાંત બહાર નીકળી ગયેલા હતા, હડપચી લાંબી હતી, માથું મોટું હતું, પણ લોકોએ તે પ્રતિમા નીચે કોતરાવ્યું –

"Sue, The Goddess of Beauty."

■